# વાતાવરણમાં નાટ્યાત્મક પલટો : વાદળછાયું વાતાવરણ

## બર્ફીલો તીવ્ર પવન તેજ ગતિએ ફુકાતાં કાતીલ તીવ્ર ઠંડીનું મોઝુ ફરી વળ્યું, જનજીવન પર અસર વર્તાઈ, ખેતરોમાં લહેરાતો ઘઉંનો પાક એકાએક આડો પડતાં ખેડુતો ચિંતિત ઘઉંનું ઉત્પાદન ઘટશે તેવા એંધાણ વર્તાયા

ભિલોડા,તા.૭

ગ્લોબલ વોર્મિંગ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની વિપરીત અસરો વર્તાતાં વાતાવરણમાં અવારનવાર નાટ્યાત્મક રીતે એકાએક પલટો આવતાં સતત ઋતુઓમાં ભારે ઉલટફેર છેલ્લા કેટલાક વર્ષોથી જોવા મળી રહ્યો છે.ત્રણ ઋતુઓ હવે એક સરખી રહી નથી તેવો માહોલ સર્જાયો છે.ખેતરોમાં લહેરાતા વિવિધ પ્રકારના પાકોને જાણે કે ઋતુઓનું ગ્રહણ લાગી જાય છે.ખેડુતોને વ્યાપક નુકસાન સહન કરવાનો વારો આવે છે.એક ગુજરાતી કહેવત અનુસાર ખેડુતોનું નસીબ હંમેશા બે ડગલાં પાછળ જ હોય તે હવે વાતાવરણમાં વારંવાર પલટો આવતો હોવાના કારણે પુરવાર થઈ રહ્યું છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વાતાવરણમાં વારંવાર નાટ્યાત્મક રીતે પલટો આવતાં વાદળછાયું વાતાવરણ સર્જાતાં આકાશમાં વાદળો ઘેરાતાં ક્યાંક માવઠાની દહેશત સેવાતાં ખેડુતોના માથે ચિંતાની લકીરો તણાઈ છે.

ઉત્તર ભારત સહિત જમ્મુ અને કાશ્મીરમાં ભારે બરફ વર્ષા,હિમ સ્ખલનને પગલે બર્ફીલો તીવ્ર પવન તેજ ગતિએ સુસવાટા સાથે ફુકાતાં કાતીલ તીવ્ર ઠંડીનું મોઝુ એકાએક પુનઃ ફરી વળ્યું છે.જનજીવન ઉપર અસરો વર્તાઈ રહી છે.ભારે પવન અને ઠંડીના કારણે લોકો ઘરમાંથી નીકળવાનું ટાળી રહ્યા છે.જો કે મોસમ ખુશનુમા છે,પરંતુ હરવા ફરવાના શોખીનો માટે એકદંરે વાતાવરણ સારૂ છે.ગાત્રો થ્રીજવતી ઠંડીના પગલે બજારોમાં ભારે સન્નાટો જોવા મળી રહ્યો છે.મોડી રાત સુધી લટારો મારવા ફરવા વાળા કાતીલ ઠંડીના કારણે જલદી ઘર ભેગા થઈ જવા માટે મજબુર છે.સુસવાટા મારતા બર્ફીલા પવનને કારણે ઠંડીએ એકાએક સપાટો બોલાવ્યો છે.કાતીલ તીવ્ર ઠંડીનું મોઝુ ફરી વળતાં શીત લહેર છવાઈ છે.ઉત્તર ભારતમાં ભારે હિમ વર્ષા થઈ હોવાના કારણે ઠેર-ઠેર બરફની ચાદર છવાઈ ગઈ છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં પલટો વારંવાર આવતો હોવાના કારણે



કમોસમી વરસાદના એંધાણ વર્તાઈ રહ્યા છે. હિમાલય તરફથી સુસવાટા મારતો પવન તેજ ગતિએ ફુકાતાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે.અબાલ-વૃધ્ધ,નાના-મોટા સૌ-કોઈ,પશુ-પંખી ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે.ખેતરોમાં ઠેર-ઠેર લહેરાતો ઘઉંનો પાક એકાએક આડો પડતાં ખેડુતો ચિંતિત થઈ રહ્યા છે.ખેડુતોએ શિયાળાના પ્રારંભે હોંશે હોંશે કરેલું ઘઉંનું વાવેતર ઉપર વાતાવરણની માઠી અસરો વર્તાતી હોવાના કારણે આ વર્ષે ઘઉંનું ઉત્પાદન ઘટશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

વાતાવરણમાં પલટાતા જ મોલોમસીનો ઉપદ્રવ !! : ખેડુતો ચિંતાતુર થઈ રહ્યા છે.વાહન ચાલકો પણ માર્ગો ઉપર ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે.મોલોમસીનો ઉપદ્રવ એકાએક વધતાં વાહન ચાલકોને ભારે તકલીફ પડી રહી છે પરંતુ રાઈ,શાકભાજીના પાકને પણ નુકસાન થવાનો ભય ઉભો થઈ રહ્યો છે.મોલોમસીના ઉપદ્રવના કારણે દ્વિચક્રી વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ મોલોમસી નામની જીવાત વાહન ચાલકના આંખની આગળ આવી ચોટી જાય છે.વાહન ચાલકોને આંખમાં ખંજવાળ આવવાની શરૂ થાય છે.વાહન ચાલકો સતત આંખો ચોળતા હોય છે.ભેજવાળુ વાતાવરણ તેમજ વાદળછાયુ વાતાવરણ સર્જાતું હોવાના કારણે મોલોમસીનો ઉપદ્રવ એકાએક વધતો હોય છે.સુસવાટા મારતા બર્ફીલો પવન આવતો હોવાના કારણે ધુળની રજકણો ઉડતાં વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

# સાબરડેરીની ચૂંટણીમાં ૫૩ ઉમેદવારીપત્રો ભરાયા

હિંમતનગર, તા. ૬

સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી યોજવા માટે તંત્ર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ છે કાયદાકીય ગુંચ ઉકેલાઈ ગયા બાદ તાજેતરમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ હતુ. તેમાં જણાવાયા મુજબ તા. ૬ ફેબ્રુઆરી એટલે કે એક જ દિવસ વખતે ચૂંટણી પર મનાઈ હુકમ આવ્યો હોવાને કારણે તત્કાલીન સમયે તમામ કામગીરી મુલત્વી રખાઈ હતી. તે વખતે ૬૪



ત્યારે બુધવારે એક જ દિવસમાં ૫૩ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જોકે અગાઉ ભરેલા ઉમેદવારી પત્રો સાથે કુલ ઉમેદવારી પત્રોનો આંક ૧૧૭ થયો છે. ભરાયેલા ઉમેદવારી પત્રોની ગુરૂવારે ચકાસણી કરાશે. ત્યારે તેમાંથી કેટલા ઉમેદવારીપત્રો રદ થશે તે જોવાનું રહ્યું.

આ અંગે પ્રાંત કચેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકો માટે ચૂંટણી યોજવા માટે માટે ઉમેદવારી પત્રો ભરી શકાશે. તેવો ઉલ્લેખ કરાયો હોવાથી બુધવારે હિંમતનગરમાં આવેલ પ્રાંત કચેરીમાં સહકારી અગ્રણીઓ અને નેતાઓના ધાડા ઉમટી પડ્યા હતા.

દરમ્યાન બુધવારે ૩ વાગ્યા સુધીમાં સાબરકાંઠા-અરવલ્લીમાંથી ૫૩ લોકોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ જ્યારે જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ હતુ. ત્યારે ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો. તે ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેથી કુલ ૧૧૭ ઉમેદવારી પત્રો ભરાઈ ચુક્યા છે. ભરાયેલા ઉમેદવારી પત્રોની ગુરૂવારે ચકાસણી હાથ ધરાશે. બુધવારે જે ઉમેદવારી પત્રો ભરાયા છે તેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજુભાઈ ચાવડા, સાબરડેરીના પૂર્વ ડિરેક્ટરો તથા સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ સહીત અરવલ્લીના સહકારી અગ્રણીઓનો સમાવેશ થઆય છે.



## ડીસા કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો

ડીસાની જાણીતી શૈક્ષણિક સંસ્થા ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ વિભાગ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ડીસા શાખાના સંયુક્ત ઉપક્રમે ગતરોજ ડીસા કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. આમંત્રિત મહેમાનોએ દિપ પ્રાગટ્ય કરી રક્તદાન કેમ્પને ખુલ્લો મૂકયા બાદ કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહ સાથે ભાગ લઈ રક્તદાન કરતા ૧૦૩ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ રકત ડીસાની ભણશાળી હોસ્પિટલ ખાતે જમા કરાવાયુ હતું.

### વડગામ તાલુકાના માહી ગામે ઘીની ફેક્ટરીમાં

# ફુડ વિભાગના દરોડા દસ લાખ ઉતરાંતનો જથ્થો સીઝ કરાયો

વડગામ તાલુકાના માહી ગામે આવેલ એક ઘીની ફેક્ટરીમાં ફુડ





વિભાગની ટીમએ પોલીસ સાથે છાપો માર્યો હતો.અને ઘીના સેમ્પલ લઇ વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠામાં કેટલીક જગ્યા ખાધ્ય વસ્તુમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.જેના પગલે છેલ્લા બે દિવસથી ફુડ ફુડ વિભાગ દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો છે.જેમાં ગતરોજ ડીસામાં આવેલી એક તેલની ફેક્ટરમાં દરોડા પાડી તેના સેમ્પલ ચેકીંગ માટે મોકલી અપાયા બાદ સોમવારે જિલ્લા ફુડ અધિકારી ડી.જી.ગામેતીએ પોલીસ સ્ટાફ સાથે વડગામ તાલુકાના માહી ગામે આવેલ શ્રી સિદ્ધિ વિનાયક નામની ઘીની ફેક્ટરીમાં ઓચિંતો છાપો માર્યો હતો.અને સંકાસ્પદ ઘીના સેમ્પલ ચેકીંગ માટે મોકલવામાં આવ્યા છે.

# ગરીબોની કસ્તુરી પકવનાર ખેડૂતો ગરીબીની આરે નાસિકના ખેડૂતો મોડાસાના માર્ગો પર મંડી માંડી

મોડાસા, તા. ૭

જગતના તાત ખેડૂતને પોતાની ઉપજના પૂરતા ભાવ મળતા ન હોવાથી દિવસે દિવસે દેવાના ડુંગર તળે દટાઈ રહ્યા છે. ખેડૂતોના મહામુલા પાકના ભાવ વેપારીઓ અને વચોટિયા જ નક્કી કરતા હોવાથી ખેડૂતો પાસેથી ખરીદેલ ખેત ઉપજ ગ્રાહકો પાસે પહોંચતા ૧૦૦ થી ૧૦૦૦ ગણા ભાવ વધારો ઝીંકી ખુલ્લેઆમ ખેડૂતોને અને પ્રજાજનોને લૂંટી રહ્યા છે. સરકાર ખેડૂતોની હામી હોવાના દાવા કરી રહી છે પરંતુ લેભાગુ વેપારીઓ અને વચેટિયાઓને નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે. હાલ ગુજરાત સહીત મહારાષ્ટ્રમાં ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગરી ખેડૂતો પાસેથી પાણીના ભાવે ખરીદી કરી સોનાના ભાવે બજારમાં વેચાતી



હોવાથી ગૃહિણીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. નાસિકના ખેડૂતો ટ્રકમાં ડુંગરી ભરી મોડાસા શહેરના માર્ગો પર મંડી માંડી વેચાણ કરી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં છૂટક ડુંગળી ૧૦ રૂપિયે કિલો લારી-ફેરિયાઓ વાળા વેચાણ કરી રહ્યા છે. બીજી બાજુ ડુંગળી પકવનાર ખેડૂતોને ૪૦ થી ૭૦ રૂપિયા મળી રહ્યા છે. ખેડૂતો પાસેથી ખરીદાયેલી કસ્તુરીનો ૨ થી ૪ રૂપિયા પણ પડતર નથી ત્યારે હોલસેલ અને રિટેલ વેપારીઓનો કમિશન અને નફો અધધ ઝીંકી યાર્ડથી લોકોના રસોડા સુધી ડબલ ભાવે વેચાઈ રહી છે.

ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં ગરીબોની કસ્તુરી ગણાતી અને હોટલોના વ્યંજનના સ્વાદને બેવડાવતી ડુંગળી પકવનાર ખેડૂતોની હાલત દયનિય બની છે. અરવલ્લી જીલ્લામાં બટાકાની ખેતી કરનાર ખેડૂતો ડુંગળી પકાવનાર ખેડૂતોની હાલત જોઈ માથે ચિંતાની લકીરો તણાઈ છે. બટાકાની ખેતી કરનાર ખેડૂતોએ સરકારે બટાકામાં નુકસાન ન ભોગવવું પડે તે માટે આગોતરું આયોજન કરી ખેડૂતોને દેવાના ખપ્પરમાં હોમાતા બચાવી લેવાની માંગ ખેડૂતોમાં પ્રબળ બની છે.

### મોડાસાની ધરા પર સૌ પ્રથમવાર

## ચાર્ટડ એકાઉન્ટન્ટ ધ્વનિ શાહે દીક્ષા ગ્રહણ નિમિત્તે વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો

જોવા મળ્યો હતો મોડાસાના ગર્ભ શ્રીમંત પરિવારની અને ચાર્ટડ એકાઉન્ટન્ટ ધ્વનિ શાહે મોહ, માયા અને વૈભવી જીવનશૈલી ત્યાગનો



નિર્ણય લઈ પ્રભુ મહાવીરના માર્ગે પસંદ કરતા અને તેની ઈચ્છા તેની માતા રેણુકાબેન અને પિતા સમીરભાઈ સહિતના પરિવારજનો સમક્ષ વ્યક્ત કરતા પરિવારે સહર્ષ સ્વીકારી લેતા ૧૦ માર્ચે સુરત ખાતે દીક્ષા ગ્રહણ કરશે. મોડાસાના જૈન સમાજ અને શહેરના અગ્રણીઓએ મોડાસા ટાઉનહોલ ખાતે મંગળવારે મુમુક્ષુ ધ્વનિ શાહનો ભવ્ય વીરની વંદનોત્સવ અભિનંદન અને સત્કાર સમારોહ યોજાયો હતો.

મોડાસામાં બુધવારે સવારે મુમુક્ષુ ધ્વનિ શાહનો ભવ્ય વરસીદાન વરઘોડાનું પ્રસ્થાન મોડાસા જૈન દેરાસરથી નીકળી મોડાસા શહેરના માર્ગોને પાવન કર્યા હતા. મોડાસા શહેરમાં નીકળેલ વરસીદાન વરઘોડામાં મોટી સંખ્યામાં જૈન સમાજના અબાલ, વૃદ્ધ સૌ કોઈ જોડાયા હતા. દીક્ષા ગ્રહણ કરનાર ધ્વનિ શાહને અને વરસીદાન વરઘોડાના નિહાળવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટ્યા હતા. દીક્ષા ગ્રહણ કરનાર ધ્વનિ શાહે વરઘોડા દરમિયાન રૂપિયા સહીત વિવિધ ચીજવસ્તુઓનું દાન કરી જૈન શાસનને સમર્પિત થઈ.

## મેમદપુરમા રામાપીરના મંદિરમા પ્રાણ-પ્રતિષ્ઠા હવન યજ્ઞ તેમજ મૂર્તિઓની પધરામણી કરાઇ

વડગામ તાલુકાના મેમદપુર ગામમા વણકર સમાજ દ્રારા રામાપીરના મંદીરની પ્રાણ પ્રતિષ્ઠા સાથે હવનયજ્ઞ તેમજ મૂર્તિઓની ધામ ધુમથી પધરામણી



કરવા મા આવી હતી. મેમદપુર પેપોળ જવાના માર્ગ પર આવેલા રાપીરના મંદીરે મેમદપુર ગામના વણકર સમાજના લોકો દ્રા રા છેલ્લા ત્રણ ચાર દિવસથી મંદિરને શણગારવાની કાગીરી કરાઈ હતી બુધવારની રાત્રે મંદીર પટાગણ મા રાસ ગરબા યોજાયા હતા મંદિર ખાતે હવનયજ્ઞ કરયો હતો તેમજ મંદીરની પ્રાણ પ્રતિષ્ઠા સાથે મંદિરમા મુર્તિઓની પધરામણી કરાઈ હતી ગામમા શોભાયાત્રા નિકાળાઈ હતી તેમજ ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરાઈ હતી ભક્તો દ્રારા રામાપીરના મંદીરે દર્શન કર્યો બાદ ભોજન પ્રસાદનો લાવો લઈને ધન્યતા અનુભવી હતી મેમદપુર ગામના સમસ્ત વણકર સમાજના લોકો દ્રારા આ પ્રસંગને દિપાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# સાબરકાંઠાવાસીઓની બ્રોડગેજ રેલવેની ઈન્તેજારી હાલ નહી સંતોષાય

### પ્રથમ તબક્કામાં અમદાવાદથી રખિયાલ વચ્ચે ટ્રેન શરૂ થવાની શક્યતા

### હિંમતનગરમાં રેલવે ટ્રેક લઈને આવેલી ગુડ્ઝ જોવા લોકોનો ધસારો

હિંમતનગર, તા. ૭

અમદાવાદ-ઉદેપુર વચ્ચે બ્રોડગેજ રેલવે લાઈન નાખવાનુ કામ ધમધોકાર ભલે ચાલી રહ્યું હોય પરંતુ સાબરકાંઠાવાસીઓની બ્રોડગેજ રેલવેની સેવાની ઈન્તેજારીનો નજીક મહીનાઓમાં અંત આવે તેવુ લાગતુ નથી. કારણ કે નવા ટ્રેકનું ફિટીંગ અને ટેસ્ટીંગની કામગીરી અડધાથી વધુ કિલોમીટરમાં બાકી છે. ત્યારે હજુ જિલ્લાવાસીઓને ૬ મહીનાથી વધુ રાહ જોવી પડે તેમ છે. દરમ્યાન બુધવારે અમદાવાદથી ૧૫ દિવસ અગાઉ રેલવેના ટ્રેક લઈને આવેલી ગુડ્ઝ હિંમતનગર આવી પહોંચતા લોકોએ તેને જોવા માટે રેલવે સ્ટેશન પર ધસારો કરી દીધો હતો.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મજુબ અમદાવાદ-ઉદેપુર વચ્ચે બ્રોડગેજનું કામ ચાલી રહ્યું છે ત્યારે તેના કારણે છેલ્લા દોઢ વર્ષથી ટ્રેન વ્યવહાર બંધ છે. જેના કારણે વેપારી વર્ગ તથા રોજ અમદાવાદ અવરજવર કરતા નોકરીયાત વર્ગને અન્ય વિકલ્પ પસંદ કરવો પડ્યો તો બીજી તરફ અમદાવાદથી હિંમતનગર વચ્ચે અગાઉ ફીટ કરાયેલ રેલવે ટ્રેકને કામચલાઉ હોવાને કારમે આ ટ્રેક પરહવે ૭૫ એમએમના મજબુત અને નવા ટ્રેક નાખવાનું કામ ચાલી રહ્યુ છે. જોકે અમદાવાદથી રખીયાલ વચ્ચે રેલવે તંત્રએ મોટાભાગની કામગીરી આટોપી લીધી છે.

તો બીજી તરફ અમદાવાદથી ૧૫ દિવસ અગાઉ ૭૫ એમએમના નવા ટ્રેક લઈને હિંમતનગર તરફ આવી રહેલ ગુડ્ઝ બુધવારે હિંમતનગર આવી પહોંચતા લોકો તેને જોવા માટે ઘેલા બનીને રેલવે સ્ટેશન પર ઉમટી પડ્યા હતા.

# પાલનપુર હાઈવે વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન તુટી જતા હજારો લીટર પાણી વેડફાયુ

### પાણી પુરવઠા વિભાગને જાણ થતા સમાર કામ હાથ ધરાયુ

પાલનપુર

પાલનપુર એરોમા સર્કલ નજીકથી પસાર થતી પીનાના





પાણીની પાઈ ઉપરથી ટ્રક પસાર થતા પાઈપ તુટી ગઈ હતી.અને હજજારો લીટર પાણી વેડફાયુ હતુ.જેથી ૭ જેટલા ગામોમાં જતુ પાણી અટકી ગયુ હતુ.જેની જાણ પાણી પુરવઠા વિભાગને થતા પાઈપ-લાઈનનું સમારકામ હાથ ધરાયુ હતુ.

પાલનપુર એરોમા સર્કલ પાસેથી પાણીપુરવઠા વિભાગની પાઈપલાઈન પસાર થાય છે.અને પાલનપુર શહેરના ૭ જેટલા ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.આ પાઈપ-લાઈન ઉપરથી ભારે ટ્રક પસાર થતા પાઈપ લાઈન તુટી ગઈ હતી.અને પાણી જાહેર રોડ ઉપર ફેડફાયુ હતુ.જેથી આજુ-બાજુથી લોકો એકત્ર થઇ ગયા હતા.અને પાણી પુરવઠા વિભાગને જાણ કરવામાં આવી હતી.જેના પગલે પાણી પુરવઠા ઈજનેર એમ.એમ.ગુપ્તાએ તાબડતોબ સ્ટાફને મોકલી પાણીની પાઈપ લાઆન રીપેરીંગ કરવવામાં આવતા વધુ પાણીનો બગાડ થતો અટકી ગયો હતો.